# અંતર પ્રકાશ જ બાહ્ય પ્રકાશ છે

૧ જુલાઈ, ૨૦૨૫

આત્મીય પાઠક,

ગુરુપૂર્ણિમા મહિનાની શુભકામનાઓ.

સમયે આપેલી અગણિત ભેટમાંની એક ભેટ નિશ્ચિતપણે એ હશે કે જૂન પછી જુલાઈ આવે છે. મારો નિષ્કર્ષ તો આ જ છે કારણકે અહીં શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગ્રીષ્મઋતુ તેના ચરમબિંદુ પર પહોંચી રહી છે. આપણે હમણાં જ શ્રીગુરુમાઈના જન્મદિવસના મહિનાનો મહોત્સવ મનાવ્યો છે. આપણે સદ્‌ગુણોનું અધ્યયન કર્યું છે અને તેનો અભ્યાસ કર્યો છે. આપણે વાસ્તવિક અને સુંદરરીતે કાલ્પનિક ડેન્ડિલિઅન પર શાંતિની અભિલાષા કરી છે. આપણે મનનચિંતન કરી રહ્યાં છીએ કે આપણાં વિચારો, શબ્દો અને કૃત્યોમાં સ્પષ્ટતા દર્શાવવાનો અર્થ શું છે.

મને મારા શ્રીગુરુના ગુણગાન કરવા, તેમની પૂજા-વંદના કરવી ખૂબ જ ગમે છે. જો મારા હાથમાં હોત તો કદાચ મેં કહ્યું હોત કે આપણે આપણો ઉત્સવ આવતા મહિના, તેના પછીના મહિના અને તેના પછીના મહિના સુધી ચાલુ રાખીએ. જોકે એક રીતે મારી ઇચ્છા પૂરી થઈ ગઈ છે. કારણકે જૂન પછી જુલાઈ આવે છે — અને જુલાઈમાં (અથવા વધુ સ્પષ્ટતાથી કહીએ તો ભારતીય પંચાંગ અનુસાર અષાઢ મહિનામાં જે મોટેભાગે જુલાઈમાં આવે છે) આપણે ગુરુપૂર્ણિમા મનાવીએ છીએ.

આ વર્ષે ગુરુપૂર્ણિમા ૧૦ જુલાઈએ છે. આ એ સમય છે જ્યારે ચંદ્રમા સોળે કળાએ ખીલી ઊઠશે અને તેની ઉત્કૃષ્ટતા, સંપૂર્ણતા અને તેજસ્વિતા ગુરુ-શિષ્ય સંબંધનાં પ્રતીક છે. ગુરુપૂર્ણિમા મહોત્સવ, જેનો ઉદ્‌ગમ પ્રાચીન ભારતમાં થયો હતો, હંમેશાં મને આકર્ષિત કરે છે અને તેનું એક કારણ એ છે કે આ મહોત્સવની શરૂઆત શિષ્યોએ કરી હતી. શ્રીગુરુ પ્રત્યે શિષ્યોના પ્રેમના કારણે, શ્રીગુરુએ તેમને જે પ્રદાન કર્યું હતું તેના પ્રત્યે સન્માન વ્યક્ત કરવા માટે અને શ્રીગુરુ પાસેથી પ્રાપ્ત આ આશીર્વાદો પ્રત્યે કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવા માટે શ્રીગુરુના આ વાર્ષિક ઉત્સવનો આરંભ થયો હતો.

આજે હજારો વર્ષ પછી, જ્યારે આપણે સિદ્ધયોગ પથ પર ગુરુપૂર્ણિમાના આ પર્વને મનાવવાની તૈયારી કરીએ છીએ ત્યારે હું વિચારું છું કે આજના સમયમાં એક શિષ્ય હોવાનો અર્થ શું છે. નિ:સંદેહ, જેમ શ્રીગુરુ જે જ્ઞાન પ્રદાન કરે છે તે શાશ્વત છે, તેમ ગુરુ-શિષ્ય સંબંધનું સારતત્ત્વ પણ અપરિવર્તનશીલ છે. આ સંસારમાં જીવન પડકારજનક છે તે પણ કોઈ નવી વાત નથી. "પહેલાંના સમયના એ સુખભર્યા દિવસો" જેને કેટલીકવાર યાદ કરવાનું આપણને ગમે છે, પછી ભલે તે દસ, વીસ કે પચાસ વર્ષો પહેલાંની વાત કેમ ન હોય, તે કદાચ આપણને યાદ હોય તેના કરતાં વધારે મુશ્કેલીઓ અને મૂંઝવણથી ભરેલા હતા. આખરે, મનુષ્યની પ્રકૃતિ તો હંમેશાં

એકસમાન જ રહી છે — એટલે કે આપણી અંદર ભલાઈ કરવાની અસીમિત ક્ષમતા છે અને બહુ સહેલાઈથી તેનાથી વિચલિત થઈ જવાની દુર્બળતા પણ છે.

જે સમયમાં આપણે જીવી રહ્યાં છીએ તેની વિશેષતા એ છે કે જે સાધનો દ્વારા આપણે સ્વયંને વિચલિત કરી શકીએ છીએ, તેની સંખ્યા અને જટિલતા, બંને વધી ગયાં છે. ઘણી બધી રીતે, આપણી એકાગ્રતા ઓછી થઈ ગઈ છે — અથવા કંઈ નહીં તો એ બહુ સહેલાઈથી ભંગ થઈ જાય છે. અને જ્યારે આપણી સામૂહિક એકાગ્રતા વિખરાઈ જાય છે તો એ ફક્ત વિભાજનની તરફ નથી લઈ જતું, પરંતુ કુસંપને પણ જન્મ આપે છે. જ્યારે દરેક વ્યક્તિ જુદીજુદી વાતો કહી રહી હોય, જુદીજુદી વાતો સાંભળી રહી હોય, જુદીજુદી ઇચ્છાઓ પૂરી કરવા માગતી હોય ત્યારે એકસંપ થઈને રહેવું અઘરું થઈ જાય છે.

આ સંદર્ભમાં, હું અત્યધિક જાગરૂકતા સાથે એ મહસૂસ કરું છું — અને મને ખાતરી છે કે તમારાંમાંથી ઘણાં બધાં લોકો પણ કરતાં હશે — કે શ્રીગુરુએ બતાવેલા માર્ગનું અનુસરણ કરવું એ આપણું સૌભાગ્ય છે અને ઉત્તરદાયિત્વ પણ છે. હું હૃદયના ઊંડાણથી અસીમ કૃતજ્ઞતાનો અનુભવ કરું છું કે મારા જીવનમાં *શ્રીગુરુ* છે — એ તો પ્રારબ્ધ અને સારાં કર્મોનો યોગ હતો તેમજ સિદ્ધયોગ પથનું અનુસરણ કરવાની મારા પરિવારની દૂરદર્શિતા હતી જે મને અહીં મારાં શ્રીગુરુનાં ચરણોમાં લઈ આવી છે.

આ વર્ષે ૨૦૨૫માં, ગુરુમાઈજીએ આપણને સંદેશ પ્રદાન કર્યો છે : *તમારા સમયને તમારા માટે લાભપ્રદ બનાવો.* જ્યારે હું આના પર વિચાર કરું છું કે શિષ્યત્વનું મૂર્તરૂપ બનવાનો અર્થ શું છે અને ગુરુપૂર્ણિમાના આ મહિનામાં મારા શ્રીગુરુનું સન્માન કરવાની શ્રેષ્ઠ રીત કઈ છે ત્યારે હું મહસૂસ કરું છું કે મારો આ સંકલ્પ સુદૃઢ થાય છે કે ગુરુમાઈજીએ મને જે પણ આપ્યું છે, તેને હું પૂરીરીતે મારા જીવનમાં ઉતારું. ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કરીને હું એ શક્તિને પોષિત કરવા માગું છું, જે તેમણે મારી અંદર જાગ્રત કરી છે.

એક રીત જેના દ્વારા હું આ કાર્ય કરવાનું વિચારું છું, તે છે ગુરુમાઈજીની શિખામણો ‘શ્રીગુરુવચન’ સાથે ફરીથી સંલગ્ન થવું, જે તેમણે બે વર્ષો પહેલાં ગુરુપૂર્ણિમા મહિનામાં પ્રદાન કરી હતી. ‘શ્રીગુરુવચન’માં ગુરુમાઈજીની નવ શિખામણો છે, જેમાંની પ્રત્યેક શિખામણમાં તેમણે એક વિશેષ કૃત્ય વિશે જણાવ્યું છે, જેના દ્વારા આપણે આપણા સમયનો શક્ય એટલો શ્રેષ્ઠ રીતે ઉપયોગ કરી શકીએ છીએ. સિદ્ધયોગ પથ પર આપણે જે પણ અભ્યાસો કરીએ છીએ, તે બધાની જેમ આનો પ્રભાવ પણ ઉત્તરોત્તર વધતો જાય છે અને તે સાર્વભૌમિક હોય છે. સમય સાથેના આપણા સંબંધને બદલવાથી અને તેમાં સુધારો કરવાથી, આપણી આસપાસનાં સંસાર અને લોકો સાથેના આપણા સંબંધોમાં પણ તેને અનુરૂપ પરિવર્તન આવે છે. આપણને ફરક દેખાય છે અને બીજાં લોકો પણ આ ફરક જોઈ શકે છે.

***

જ્યારે હું ગુરુપૂર્ણિમા પર અને એક સિદ્ધયોગી તરીકે મારા માટે તેના મહત્ત્વ પર મનનચિંતન કરું છું ત્યારે એક સમયે એવું લાગે છે કે મારું મન પોતાનામાં જ ખોવાઈ ગયું છે. વિચાર અને ભાષા વિલીન થઈ જાય છે અને

અંતરમાં ઘણી પ્રબળતાથી એક મનોભાવ ઊમડવા લાગે છે — આ મનોભાવ માત્ર એક લાગણી જ નથી પરંતુ તેના કરતાં પણ બહુ વધારે છે. તે પ્રેમ છે. તે આદરયુક્ત શ્રદ્ધાભાવ છે. તે કૃતજ્ઞતા છે. તે આ બધાંનું એક અદ્‌ભુત મિશ્રણ છે.

આ મનોભાવને અભિવ્યક્ત કરવો એ શિષ્ય હોવાનો એક ભાગ છે. તમે પણ સહમત છો ને? અને આપણે આવું એટલા માટે નથી કરતા કારણકે આ એક નિયત અભ્યાસ છે; આવું એટલા માટે પણ નથી કરતા કારણકે આમ કરવું ઉચિત છે. પરંતુ આપણે આવું એટલા માટે કરીએ છીએ કારણકે તે હૃદયની પ્રેરણા છે, હૃદયનું સ્ફુરણ છે. પ્રેમના, ભક્તિના આ ઝરણાને એક નિર્ધારિત લક્ષ્યની જરૂર હોય છે.

મેં પહેલાં પણ લખ્યું છે કે સિદ્ધયોગની આ શિખામણ મને આકર્ષિત કરે છે કે ભગવાન, શ્રીગુરુ અને આત્મા એક છે. હું આ શિખામણ પર ઘણીવાર ગુરુપૂર્ણિમા દરમ્યાન વિચાર કરું છું, જે ગુરુ અને ગુરુશક્તિનું સન્માન કરવા માટે સમર્પિત છે. એક બાજુ, મને વિશ્વાસ જ નથી થતો કે હું કેટલી સૌભાગ્યશાળી છું કે મને એક સદ્‌ગુરુનાં દર્શન અને શિખામણો પ્રાપ્ત થઈ રહ્યાં છે. આ વાત મને હંમેશાં આશ્ચર્યચકિત કરતી રહેશે. બીજી બાજુ, આ તો સંસારની સૌથી સ્વાભાવિક વાત છે! કેટલીયવાર મને ગુરુમાઈજીની ઉપસ્થિતિ મારી એટલી નજીક મહસૂસ થાય છે જેટલું નજીક મારું પોતાનું હૃદય છે.

એકત્વની આ ઝલકો ખૂબ જ અદ્‌ભુત છે, તેમ છતાં હું એ વાતને પણ મહસૂસ કરું છું જેના વિશે તુકારામ મહારાજ જેવા ભારતના મહાન સંતકવિઓ કહેતા હતા. આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લીધા પછી પણ, આ સંતો તેમના ઇષ્ટદેવને પ્રાર્થના કરીને માગતા હતા કે તેમની અંદર ભિન્નતાનો થોડો ભાવ જળવાઈ રહે. તેઓ ઇચ્છતા હતા કે તેઓ પોતાના ઈશ્વરની સતત પૂજા કરતા રહે; તેઓ શિષ્યત્વના ભાવને સક્રિયતાથી જાળવી રાખવા માગતા હતા.

તેથી જ્યારે એ પ્રશ્નની વાત આવે છે જેને હું આ આખા પત્રમાં વારંવાર પૂછી રહી છું કે શિષ્ય હોવાનો અર્થ શું છે અને ગુરુપૂર્ણિમા દરમ્યાન શ્રીગુરુનું સન્માન કરવાની શ્રેષ્ઠ રીત કઈ છે, તો તેના ઘણા બધા જવાબો છે. મેં તમને શ્રીગુરુની શિખામણોનું પરિપાલન કરવા વિશે કહ્યું છે અને એ વિશે પણ કહ્યું છે કે જ્યારે આપણે શ્રીગુરુના શબ્દોનું પાલન કરીએ છીએ તો આપણે એ વાતની પ્રત્યક્ષ અભિસ્વીકૃતિ કરીએ છીએ કે શ્રીગુરુના શબ્દો આપણા માટે કેટલા મૂલ્યવાન છે. આ ઉપરાંત, આપણે ગુરુપૂજાનો પણ અભ્યાસ કરી શકીએ છીએ. આપણે શ્રીગુરુના નામનું સંકીર્તન કરવા માટે, શ્રીગુરુ પર ધ્યાન કરવા માટે, શ્રીગુરુનાં દર્શનના આપણા અનુભવોને જર્નલમાં લખવા માટે સમય કાઢી શકીએ છીએ. અને આપણે એ કરી શકીએ છીએ જેના માટે મને ખાતરી છે કે તમારાંમાંથી ઘણાં લોકોએ પહેલાંથી જ યોજના બનાવવાનું શરૂ કરી દીધું હશે : આપણે ગુરુદક્ષિણાના અભ્યાસમાં ભાગ લઈ શકીએ છીએ.

ગુરુપૂર્ણિમાના મહિના દરમ્યાન, આપણે સિદ્ધયોગ પરંપરાનાં ત્રણ ગુરુઓની પૂજા-અર્ચના કરીએ છીએ : શ્રીગુરુમાઈ, બાબા મુક્તાનંદ (જેઓ શ્રીગુરુમાઈના ગુરુ હતા) અને ભગવાન નિત્યાનંદ (જેઓ બાબાજીના ગુરુ હતા). તેથી એ સર્વોચિત લાગે છે, યથાર્થ લાગે છે કે ૨૧ જુલાઈએ (ભારતમાં ૨૨ જુલાઈએ) આપણે શ્રીગુરુના સન્માનમાં બીજો એક શુભ અવસર મનાવીશું. અને તે છે, ચાંદ્રતિથિ અનુસાર ભગવાન નિત્યાનંદની પુણ્યતિથિ.

બડે બાબાની પુણ્યતિથિ એ દિવસ છે જ્યારે તેઓ પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરીને એ પરમ ચેતનામાં વિલીન થઈ ગયા હતા, જેનાથી આ સંપૂર્ણ જગત બન્યું છે. આ અવસર આપણને સ્મરણ કરાવે છે કે ભલે બડે બાબાએ આ સંસારમાંથી પ્રયાણ કરી લીધું હોય, પરંતુ આજે પણ તેમની ઉપસ્થિતિ જીવંત છે. વાતાવરણના કણ-કણમાં તેમની કૃપાની સ્પષ્ટરૂપે અનુભૂતિ થાય છે.

તેમની ચાંદ્ર પુણ્યતિથિ પર ચંદ્રમાની કળા ઘટીને પ્રકાશની એક ઝાંકની જેમ અર્ધચંદ્ર થઈ જશે, જે ભગવાન શિવની જટા પર સુશોભિત છે. મને આ પ્રતીક ખૂબ જ સુંદર લાગે છે. જે પૂર્ણચંદ્રનાં દર્શન આપણે મહિનાની શરૂઆતમાં કરી લીધાં હશે, તે હજી ત્યાં જ તેના મખમલી કાળા આવરણની પાછળ હશે. ભલે આપણને તે પૂરેપૂરો ન દેખાય પણ આપણે તેના પ્રકાશનાં દર્શન તો કરી જ શકીશું.

*ભગવાન, શ્રીગુરુ અને આત્મા એક છે.* અંતર પ્રકાશ જ બાહ્ય પ્રકાશ છે. તેમાં કોઈ ભિન્નતા નથી, ભલે ક્યારેક એવું લાગે — અને ભલે આપણે એ ભિન્નતાનો આનંદ માણતાં હોઈએ કારણકે આ રીતે આપણે આપણી ભક્તિને વધારે પૂર્ણપણે અભિવ્યક્ત કરી શકીએ છીએ. આ એક રહસ્યમય દૃષ્ટિકોણ છે, ખરું ને? આ એક ગૂઢ તત્ત્વજ્ઞાન છે. અને સિદ્ધયોગ પથ પર આપણે જે પણ ઉત્સવ મનાવીએ છીએ તે દરેક ઉત્સવની સાથે, ભગવાનનું સ્મરણ કરવાના અને તેમનો અનુભવ કરવાના દરેક નવા સુઅવસરની સાથે, જેના તરફ આપણે પાછા ફરીએ છીએ એ સત્ય પણ આ જ છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.